સામાન્ય સભામાં તંત્ર સંરક્ષણાત્મક સ્થિતિમાં મુકાયુ

કલોલ-ગાંધીનગર-માણસાના માર્ગોના કામે બાંધકામ વિભાગ ઝપટમાં તો સ્માર્ટ આંગણવાડીના મુદ્દે પણ ઉગ્ર રજુઆતોથી અધિકારીઓ ચોંક્યા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળેલ સામાન્ય સભામાં કોંગ્રેસ અને ભાજપના સભ્યો દ્વારા ઘેરવાના થયેલા પ્રયાસને પગલે તંત્ર સંરક્ષણાત્મક સ્થિતિમાં મુકાઈ ગયુ હતુ.

આક્રમક મિજાજ સાથે શરૂ થયેલી સામાન્ય સભાને અંતે જિલ્લા પંચાયત પ્રમુખ મંગુબેન શ. પટેલે દિપાવલીની સૌને શુભકામના પાઠવતાં સભ્યો સૌ હસતાં હસતાં છુટા પડ્યા હતા.

સભાના આરંભમાં અરવિંદસિંહ સોલંકીના પિતા તથા આરોગ્ય શાખાના જય શાહના થયેલા દુઃખદ અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કરી સદગતોના માનમાં મૌન પાળવામાં આવ્યુ હતુ.

આ પછી સભાની કામગીરીમાં કલોલ તાલુકાના પ્રશ્નો છવાઈ જવા પામ્યા હતા. કલોલ તાલુકાના માર્ગોના કામ, માણસા તાલુકાના માર્ગોના કામ તેમજ કલોલ તાલુકામાં શૌચાલયોના કામમાં ભ્રષ્ટાચારના આક્ષેપો અને કલોલ તાલુકામાં પાઠ્યપુસ્તકો પસ્તીમાં આપી દેવાનો મામલો છવાયેલા રહ્યા હતા.

પ્રશ્નોત્તરીના પ્રારંભ વખતે અરવિંદસિંહ સોલંકી અને વિપક્ષના જયેશ ચૌધરી વચ્ચેની શાબ્દીક ટપાટપી પણ ચર્ચાનો મુદ્દો બની હતી. જો કે એક તબક્કે જયેશ ચૌધરીએ મોકલેલા પ્રશ્નો સમય-મર્યાદામાં આવ્યા છે એટલે મારો હક બને છે તેવી દલીલ કરતાં અરવિંદસિંહનું મ્હોં થોડીક ક્ષણ માટે સિવાઈ જવા પામ્યુ હતુ. જો કે સોલંકીએ વળતો હુમલો કરતાં જણાવ્યુ હતુ કે ગત સામાન્ય સભાનો તમે ઉલ્લેખ કરો છો પણ ગત સામાન્ય સભામાં પ્રશ્નોત્તરી ન હતી તે બાબતે હું ધ્યાન દોરવા માગુ છુ. આપ અગાઉની સભા એવો ઉલ્લેખ કરો તેવો આગ્રહ કર્યો હતો.

કલોલ તાલુકાના માર્ગોના કામને લઈ ધારાસભ્ય બળદેવજી ઠાકોરે તંત્રના અધિકારીઓ પર તડાપીટ બોલાવી હતી. આ પછી નરેશ ઠાકોર, નાથુજી મકવાણા, ઉપપ્રમુખ ભરત ઠાકોર પણ તેમાં જોડાયા હતા. એક તબક્કે કાર્યપાલક ઈજનેર ઉપપ્રમુખનું પણ સાંભળતા નથી એટલે તેમને સરકારમાં પરત મોકલવા જોઈએ તેવો આગ્રહ સૌએ કર્યો હતો. આ તબક્કે અધ્યક્ષસ્થાનેથી આવો પ્રસ્તાવ લાવીએ તેવુ કહી ઠંડુ પાણી રેડવાનો પ્રયાસ અરવિંદસિંહ સોલંકીએ કર્યો હતો અને સભાને અંતીમ પળોમાં ધારાસભ્ય બળદેવજી ઠાકોરે પ્રસ્તાવની વાત યાદ કરાવતાં અરવિંદસિંહ સોલંકીએ બળદેવજીની વાતને ફોલોઅપ લેવાનો આગ્રહ કરી વાત પડતી મૂકવા બળદેવજીને ઈશારો કર્યો હતો.

આ સામાન્ય સભામાં સ્માર્ટ આંગણવાડી બનાવવાની કામગીરી કેટલે પહોંચી તેને લઈ સિનીયર સભ્ય જવસિંહ ચારેલે મુદ્દો ઉપસ્થિત કરી સૌને ચોંકાવી દીધા હતા. આ ઉપરાંત ખેતીવાડી ઉત્પાદન સમિતિના ચેરમેન જગતસિંહે પણ અછત જાહેર કરવામાં દહેગામને અન્યાયની વાત કરી સૌને ચોકાવ્યા હતા. તેમના આ મુદ્દાના સમર્થનમાં ભાજપના અમરસિંહે પણ સૂર પુરાવતાં સભ્યો પણ દંગ રહી ગયા હતા.

કલોલ તાલુકામાં પાઠ્યપુસ્તકો પસ્તીમાં આપી દેવાના અખબારી અહેવાલોને લઈ આજે સામાન્ય સભામાં આ પ્રશ્ન ઉઠ્યો હતો. જો કે શાસનાધિકારીએ આ સમગ્ર પ્રકરણમાં તપાસ કરી કોઈ જવાબદાર જણાશે તેને છોડવામાં નહિ આવે તેવી ખાત્રી આપી હતી.

કલોલ તાલુકા પંચાયતની સામાન્યસભાએ વ્યક્તીગત શૌચાલયોમાં ગુણવત્તાસભર કામગીરી નહિ થઈ હોવાની અને તેની તપાસ આપી અને બાકીનું રૂ. ૬૦ લાખનું બિલ નહિ ચુકવવાના

● અનુસંધાન પાન-૫ પર

પાઠ્ય પુસ્તકોનું પસ્તી કૌભાંડ ૨૨ વર્ષથી ચાલે છે : સી.જે. ચાવડા

આજની સામાન્ય સભામાં કલોલ તાલુકામાં પાઠ્ય પુસ્તકો પસ્તીમાં આપી દેવાના મુદ્દે ચર્ચા ચાલતી હતી ત્યારે કોંગીના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ રાજકીય ટોણો મારતાં કહ્યુ હતુ કે ભાવનગરથી આ કૌભાંડની શરૂઆત થઈ છે. ૨૨ વર્ષથી આ કૌભાંડ ચાલે છે.

કલોલ એક જ તાલુકામાં નહિ પણ જિલ્લાના અન્ય તાલુકાઓમાં તપાસ કરાવજો.

ડૉ. ચાવડાએ આજની સામાન્ય સભામાં અધિકારીઓ દ્વારા દાખવવામાં આવતી ઉદાસીનતાને લઈ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને અંગત રીતે ફોલો-અપ લેવા સલાહ પણ આપી હતી.

ભાજપના જયેશ ચૌધરીએ કલેક્ટરના ત્યાં દર મહિને મળતી ફરિયાદ નિવારણ માટેની સંકલન સમિતિની બેઠક જેવી સભ્યોની અને તંત્રની પણ દર માસે બેઠક બોલાવવાનો સુઝાવ રજુ કરી પ્રશ્નો સામાન્ય સભામાં ઓછા રજુ થાય તો અન્ય કામો વધુ થઈ શકે તેમ જણાવ્યુ હતુ.

પીવાના પાણીની સમસ્યાને હળવી કરવા વધુ ૬૫ લાખ ફળવાયા

પીવાના પાણીની આકસ્મિક મુશ્કેલી નિવારવા પાણીની સુવિધા માટે પંચાયતોને સહાય આપવાના ભંડોળમાં રૂ. ૬૫ લાખનો વધારો કરવાની બાબત આજે અધ્યક્ષસ્થાનેથી રજુ થઈ હતી જેને સભાએ સર્વાનુમતે મંજૂરી આપી હતી.

૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં મૂળ જોગવાઈ ૫૦ લાખ રૂ.ની હતી પરંતુ આ પછી ૧૦-૮-૧૮ની સામાન્યસભામાં આ જોગવાઈમાં રૂ. ૮૫ લાખનો વધારો કરવાનો નિર્ણય લેવાયો હતો. જિલ્લામાં ચોમાસુ નિષ્ફળ રહેતાં પાણીની સમસ્યા ઉભી થવાની શક્યતાને ધ્યાને લઈ આજની સામાન્યસભાએ વધુ ૬૫ લાખ રૂ.ની ફાળવણી કરવાનો નિર્ણય કર્યો છે.

જો કે ખેતીવાડી ઉત્પાદન સહકાર સમિતિએ રૂ. ૧ કરોડનો વધારો માંગતો પ્રસ્તાવ પસાર કર્યો હતો પરંતુ અધ્યક્ષસ્થાનેથી રૂ. ૬૫ લાખનો જ વધારો મંજૂર કરી ફાળવી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

દહેગામ શહેરમાં વરસાદ થયો ગામડામાં વરસાદ થયો જ નથી : કોંગ્રેસ-ભાજપ

ગુજરાત સરકારે તાજેતરમાં ઓછા વરસાદને પગલે ખેડૂત ખાતેદારોને સહાય જાહેર કરવાના કરેલા નિર્ણયને પગલે દહેગામ તાલુકાને અન્યાય થયાનો મુદ્દો કોંગ્રેસના જગતસિંહ ઝાલાએ ઉપસ્થિત કર્યો હતો. ભાજપના અમરસિંહ ચૌહાણે પણ આ વાતમાં સૂર પુરાવ્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે દહેગામ શહેરમાં વરસાદ થયો એટલે તાલુકામાં થયો તે વાત ખોટી છે. તાલુકાના ઘણા ગામો કોરા ધાકોર રહ્યા છે. વરસાદ ખુબ ઓછો ગ્રામ્ય વિસ્તારમાં થયો છે. આ બાબતે સરકારમાં રજુઆત કરવી જોઈએ.

જિલ્લા ખેતીવાડી અધિકારી જાદવે સરકારે કરેલી જાહેરાતને ટાંકી જણાવ્યુ હતુ કે સરકારે ત્રણ કેટેગરીમાં સહાય આપવાની જાહેરાત કરી છે જેમાં ૨૦૦ થી ૩૦૦ મિ.મિ., ૩૦૦ થી ૩૫૦ મિ.મિ. અને ૩૫૦ થી ૪૦૦ મિ.મિ. આટલો વરસાદ થયો હોય તેમનો સમાવેશ કરાયો છે અને દહેગામ તાલુકામાં ૪૪૯ મિ.મિ. વરસાદ નોંધાયો છે. હજુ સહાયની માર્ગદર્શિકા સરકાર તૈયાર કરી રહી છે તે આવે પછી આગળની કાર્યવાહી થશે.

કોબામાં આરોગ્યના સબ સેન્ટરનું સ્થળ બદલવા નિર્ણય

ગાંધીનગર તાલુકાના કોબા ખાતે નવુ પેટા આરોગ્ય કેન્દ્ર દેનાબેંકની બાજુમાં મેટરનીટી રૂમની બાજુમાં બનાવવા માટેની મંજૂરી સામાન્ય સભાએ આપી છે.

કુડાસણ બેઠકના સભ્ય બેચરજી ઠાકોર તથા કોબા ગ્રામજનોના આગ્રહને કારણે નવી જગ્યા પર આધુનિક સુવિધાઓ સાથે મોકળાશ મળી રહે તે રીતે નવા સબ સેન્ટરનું નિર્માણ કરવામાં આવશે.

અગાઉ કોબાના જૂના સબ સેન્ટરને ડિમોલેશનમાં લઈ જવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને તે માટે સામાન્ય સભાએ મંજૂરી પણ આપી હતી.

આજની બેઠકમાં જેઠલજના સબસેન્ટરના બાંધકામ માટે જૂની પ્રા. શાળાની જગ્યા ફાળવવામાં આવે અને તે માટે શિક્ષણ સમિતિમાં પ્રસ્તાવ રજુ કરવાની સૂચના પણ સામાન્ય સભાએ આપી છે.

સમિતિઓમાં કોણ-કોણ નિમાયુ

આજે મળેલ સામાન્ય સભામાં વિવિધ સમિતિઓમાં પાંચ સભ્યોના રાજીનામા પછી ઉભી થયેલી સ્થિતિમાં બે સભ્યોએ રાજીનામા પાછા ખેંચવાની જાહેરાત સાથે ત્રણ સભ્યોના રાજીનામા અંગેનો નિર્ણય બાકી રાખવાનો નિર્ણય સામાન્ય સભાએ કર્યો છે.

મહિલા-બાળ વિકાસ સમિતિમાં ઉપપ્રમુખ ભરતભાઈ પટેલ અને કાન્તાબા ઝાલાની ખાલી જગ્યાઓ પર નિમણુંક કરાઈ છે. જ્યારે આરોગ્ય સમિતિમાં કાન્તાબા ઝાલા અને દિનેશજી ઠાકોરની વરણી કરવામાં આવી છે.

રમીલાબેન ચૌધરી, રામાજી ઠાકોર અને સોનલબેન પટેલના રાજીનામા અંગેનો નિર્ણય બાકી રાખવામાં આવ્યો છે.

કોંગ્રેસ પ્રદેશ મહામંત્રી તરીકે નિશીત વ્યાસ પુનઃ નિમાયા

ડો. હિમાંશુ પટેલને પણ મહામંત્રી પદ તો બાબુજી ઠાકોર અને વિરેન્દ્રસિંહ વાઘેલાની મંત્રી પદે નિમણુંક

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના નવા માળખાની આજે જાહેરાત કરવામાં આવી છે. જેમાં સંગઠનના ઈન્ચાર્જ નિશીત વ્યાસની પુનઃ પસંદગી કરવામાં આવી છે અને તેમને મહામંત્રીપદે ચાલુ રાખવામાં આવ્યા છે.

આ ઉપરાંત પક્ષના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલને પણ મહામંત્રી પદ આપવામાં આવ્યુ છે. તેમજ માણસાના પૂર્વ ધારાસભ્ય બાબુજી ઠાકોર અને વિરેન્દ્રસિંહ વાઘેલાને પણ મંત્રીપદ આપવામાં આવ્યુ છે. જિલ્લામાંથી નિશીત વ્યાસ સહિતના આગેવાનોની નિમણુંકથી કોંગ્રેસી કાર્યકરમાં ખુશીનો માહોલ છવાઈ વા પામ્યો છે. આજે જાહેર કરાયેલ માળખામાં ૨૨ ઉપપ્રમુખ, ૪૩ મહામંત્રી, ૧૧ પ્રવક્તા અને ૧૬૯ મંત્રી, ૬ પ્રોટોકોલ સચિવ, ૭ જોઈન્ટ સેક્રેટરી અને ૪૮ કારોબારી સભ્યો અને ૪૧ આમંત્રિત કારોબારી સભ્યોની નિમણુંક કરવામાં આવી છે.

Tender Mahatma Mandir Convention Center

Industrial Extension Bureau (iNDEXTb), managing Mahatma Mandir Convention Center, invites online tender for **Supply and Fixing of Nylon Bird Protection Mesh Net as per design at Mahatma Mandir, Gandhinagar, Gujarat.** Interested agencies can view and download the document from website www.indextb.com and www.nprocure.com during 20/11/2018 to 29/11/2018. Last date of submission is 29/11/2018.

Managing Director
Industrial Extension Bureau,
18/2, Udyog Bhavan, GH-4 Circle,
Sector-11, Gandhinagar 382011,
Phone : 079-23250492/93

iNDEXTb
INDUSTRIAL EXTENSION BUREAU
(A GOVT. OF GUJARAT ORGANISATION)
ISO 9001 : 2015 Certified

પોલીટેકનીક કોલેજનુ ભયજનક હોસ્ટેલ બિલ્ડીંગ ખાલી કરવાના મામલે હોબાળો

સે-૨૪ માં સરકારી બ્લોકમાં હોસ્ટેલ કાર્યરત ગત સપ્ટેમ્બરમાં જ બિલ્ડીંગ ભયજનક હોવાનુ ધ્યાને આવ્યુ હતુ : બ્લોક ખાલી કરવાના મામલે વિદ્યાર્થીનિઓમાં આક્રોશ : વાલીઓ અને વોર્ડન વચ્ચે બેઠક યોજાશે

ગાંધીનગર તા ૧૯

સે-૨૬ પોલીટેકનિક કોલેજની વિદ્યાર્થીનિઓના હોસ્ટેલનુ બિલ્ડીંગ ખાલી કરાવવા માટે ગતિવિધિઓ હાથ ધરાતા વિદ્યાર્થીનિઓએ આજે રોષ વ્યકત કરી હોબાળો મચાવ્યો હતો. સે-૨૪ સ્થિત હોસ્ટેલનો સરકારી બ્લોક ભયજનક હોવાનુ ધ્યાને આવતા હોસ્ટેલ ખાલી કરવાની સુચના આપવામાં આવી હતી. જો કે આ મામલે વિવાદના અંતે વાલીઓ અને વોર્ડન વચ્ચે બેઠકનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. જેના અંતે મામલો થાળે પડશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગરની સે-૨૬ પોલીટેકનિક કોલેજની વિદ્યાર્થીનિઓએ આજે હોબાળો મચાવ્યો હતો. વિદ્યાર્થીનિઓના

● અનુસંધાન પાન-૫ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

જાણવા જેવી દુનિયા - ગાંધીનગરના પાદરે અડાલજ પાસે આવેલ ત્રિ-મંદિર ખાતે 'જાણવા જેવી દુનિયા' મહોત્સવની ધામધુમથી ઉજવણી કરાઈ રહી છે... દેશ અને વિદેશમાંથી આ મહોત્સવમાં આવી રહ્યા છે... અનોખી આ દુનિયામાં જાણે માનવ મહેરામણ ઉમટી પડ્યો હોય તેવું દેશ્ય જોવા મળે છે... વિવિધ થીમ પર બનાવેલ કૃતિને નિહાળી મુલાકીતઓ અભિભૂત થઈ ગયા છે...

શહેરમાં સ્ટ્રીટ લાઈટના ૨ હજાર થાંભલાઓને કલર કરવામાં આવશે

સે-૨૮ થી ૩૦ સહીત તબક્કાવાર તમામ સેકટરોને આવરી લેવાશે

ગાંધીનગર તા ૧૯

શહેરમાં સ્ટ્રીટ લાઈટના થાંભલાઓ બંધ રહેતા હોવાની ફરિયાદો વારંવાર ઉઠવા પામે છે. જયારે સ્ટ્રીટ લાઈટના થાંભલાઓ પણ બંધ હોવાની સાથે કટાયેલી અને કંગાળ હાલતમાં જોવા મળી રહ્યા છે. કેટલાક ઠેકાણે તો પોલ્સનો કલર પણ દેખાતો નથી. જયારે શહેરમાં સ્ટ્રીટ લાઈટના થાંભલાઓને યોગ્ય કરવા માટે તંત્ર દ્વારા સે-૨૮ થી ૩૦માં ૨ હજાર જેટલા થાંભલાઓને કલરકામ કરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. દેવ દિવાળીથી સ્ટ્રીટ લાઈટના થાંભલાનુ કલરકામ શરૂ કરાશે.

ગાંધીનગરના સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના થાંભલાઓ બંધ રહેતા હોવાની ફરિયાદો વિશેષ છે. ત્યારે વર્ષોના અંતે વિજબીલના અભિગમ સાથે સેકટરોમાં એલ ઈ ડી લાઈટની યોજના અમલી બની છે. જેના લીધે વિજબીલની બચત સાથે માર્ગો પર વધુ અજવાળુ પથરાય તે મુજબની લાઈટીંગ ફીટ કરવામાં આવી છે. પરંતુ સેકટરોમાં

● અનુસંધાન પાન-૫ પર

ચેક પરત થવાના કેસમાં આરોપીને બે વર્ષની સાદી કેદની સજા

મિત્રતાના નાતે ૭ લાખ હાથ ઉછીના આપ્યા હતા

ગાંધીનગર તા ૧૯

મિત્રતાના નાતે રૂ ૭ લાખ હાથ ઉછીના આપવાના કેસમાં ચેક પરત થતા ગાંધીનગર કોર્ટે આરોપીને બે વર્ષની સાદી કેદની સજા તેમજ ચેકની રકમ વળતર પેટે આપવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર ગાંધીનગરમાં રહેતા સુરેશસિંહ પુંજાજી વાઘેલાએ એક વર્ષ અગાઉ તેમના મિત્ર અજયકુમાર દિનેશભાઈ પરમારને રૂ ૭ લાખની રકમ હાથ ઉછીની આપી હતી. મિત્રતાના નાતે અંગત જરૂરિયાતને ધ્યાને લઈ આપેલી આ રકમ સંદર્ભે અજયકુમારે રૂ ૭ લાખનો ચેક આપ્યો હતો. જયારે આ ચેક બેંકમાં જમા કરાવતા અપુરતા ભંડોળના લીધે ચેક પરત થયો હતો. જેના અંતે લેંણી રકમ સંદર્ભે આરોપીને વકીલ મારફતે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ ની કલમ ૧૩૮ અન્વેય નોટીસ આપી હતી. આમછતા આરોપીએ રકમ પરત ન કરતા આ મામલે કોર્ટમાં ફરિયાદ દાખલ થઈ હતી.

● અનુસંધાન પાન-૫ પર

ગાંધીનગર સતત ત્રીજા દિવસે રાજયમાં સૌથી ઠંડુ શહેર

લઘુત્તમ તાપમાન ૧૩.૨ ડિ.સે. પહોંચતા વસાહતીઓએ ઠંડીનો અનુભવ કર્યો દિવસ ટૂંકો અને રાત લાંબી બની : વાતાવરણ પલ્ટાની જનજીવન પર ઘેરી અસર

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરમાં દિવસે દિવસે ઠંડી વધી રહી છે. ગઈરાત્રે લઘુત્તમ તાપમાન ૧૩.૨ ડિ.સે. નોંધાતા વસાહતીઓએ ઠંડીના ચમકારાને અનુભવ્યો હતો. ઠંડી વધતા રાત્રી દરમ્યાન શહેરના માર્ગો સુમસામ બન્યા હતા.

હજુ તો નવેમ્બર માસ અડધો પુરો થયો છે ત્યાં જ તાપમાનના સતત ગીરાવટ આવતા વસાહતીઓ આકરી ઠંડી અનુભવી રહ્યા છે. સતત ત્રીજા દિવસે લઘુત્તમ તાપમાન ઘટતા ગાંધીનગર રાજ્યનું સૌથી ઠંડુ શહેર બની રહ્યુ હતુ. સતત ત્રીજા દિવસે પારો ગગડ્યો હતો.

છેલ્લા એક અઠવાડિયાથી વાતાવરણમાં પલ્ટો જોવા મળી રહ્યો છે. દિવસ ટૂંકો થતો જાય છે અને રાત લાંબી બની રહી છે. આ વખતે શિયાળો આકરો બની રહેશે તેવા એંધાણ અત્યારથી જ મળી રહ્યા છે. સૂર્યનારાયણના દર્શન મોડા થતાં વસાહતીઓની દિનચર્યામાં ફેરફારો આવ્યા છે. જો કે સ્વાસ્થ્યની કાળજી રાખનારાઓ માટે આ દિવસો ગોલ્ડન ડેઝ બની રહ્યા છે. વહેલી સવારે જોગીંગ અને રનીંગ કરવા નીકળનારાઓની સંખ્યા વધી રહી છે. બાગ-બગીચાઓમાં પણ સવારના કોમળ તડકામાં કસરત કે યોગ કરનારાઓ સારી એવી સંખ્યામાં જોવા મળી રહ્યા છે. ગરમ વસ્ત્રોની જરૂરીયાત વધતા ગરમ વસ્ત્રોની બજારમાં ભીડ જોવા મળી રહી છે.

ગાંધીનગરમાં ગઈરાત્રે લઘુત્તમ તાપમાન ૧૩.૨ ડિ.સે. નોંધાયુ હતુ. જ્યારે દિવસનું પણ ઘટતા મહત્તમ તાપમાન ૩૩.૭ ડિ.સે. પર પહોંચ્યુ હતુ જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૮૦ ટકા અને સાંજે ૪૬ ટકા રહ્યુ હતુ.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com